# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ

# શ્રી ચિમનભાઈ પટેલ વિકાસ ભવન, જામનગર રોડ - રાજકોટ

## સત્તામંડળની જુદી - જુદી શાખાઓ માટેનાં વર્ષ દરમ્યાન જરૂરીયાત પ્રમાણે કોમ્પ્યુટર કાર્ટીઝ સપ્લાય/રીફીલીંગ/મેન્ટેન્સના વાર્ષીક રેઈટ કોન્ટ્રાકટ માટેનું ટેન્ડર

**આ ઉપરથી હું/અમો ભાવ પત્ર આપુ છું/આપીએ છીએ કે સાથેના પરિશિષ્ટમાં જણાવેલ લીસ્ટ મુજબ અને શરતો તેમજ સમજૂતી પ્રમાણે કામ પુરૂ પાડવા બંધાઉ છું./છીએ.**

| | | |
|---|---|---|
| ૧ | કામની વિગત | કોમ્પ્યુટર કાર્ટીઝ સપ્લાય/રીફીલીંગ/ મેન્ટેન્સ ના વાર્ષીક રેઈટ કોન્ટ્રાકટ |
| ૨ | અર્નેસ્ટ મનીની રકમ | રૂ. ૧૫,૦૦૦/- |
| ૩ | સિકયોરીટી ડિપોઝીટ | રૂ. ૨૫,૦૦૦/- |
| ૪ | સંસ્થા (ફર્મ) નું નામ | |
| ૫ | ભાવ આપનારનું નામ | |
| ૬ | સેલ્સટેક્ષ/ટીન નંબર/પાન નંબર/ GST નંબર (ઝેરોક્ષ સામેલ રાખવી) | |
| ૭ | સંસ્થાના પ્રતિનિધિ/ પ્રોપરાઈટર/ મેનેજરનું નામ | |
| ૮ | સરનામુ | |
| ૯ | ફોન નંબર / મોબાઈલ નંબર | |
| ૧૦ | તારીખ | |
| ૧૧ | ટેન્ડર ફી | રૂા. ૧૫૦૦/- (નોન રીફંડેબલ) + રૂા.૨૭૦/-(૧૮% GST) = રૂા.૧૭૭૦/- (અંકે રૂપિયા એક હજાર સાતસો સીતેર)<br>પહોંચ નંબર ..........................<br>તારીખ .......................... |

- **ટેન્ડરના સીલબંધ કવર રજીસ્ટર પોસ્ટથી પહોંચતા કરવાની છેલ્લી તારીખ ____________.**
- **આવેલ ટેન્ડરો ખોલવાની તારીખ ____________ નાં રોજ -૦૦ કલાકે.**

સ્થળ :

તારીખ :

------------------------------------

ભાવ આપનારની સહી તથા સિકકો

# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની જુદી-જુદી શાખાઓ માટેના વર્ષ દરમ્યાન જરૂરીયાત પ્રમાણે કોમ્પ્યુટર કાર્ટીઝ સપ્લાય/ રીફીલીંગ/મેન્ટેન્સના વાર્ષીક રેઈટ કોન્ટ્રાકટનાં ટેન્ડરની શરતો

## શ ર તો

**૧ ટેન્ડર ભરનાર સંસ્થા ઓછામાં ઓછી ત્રણ વર્ષ જુની હોવી જોઇએ. તેમજ આ અંગે માન્ય પુરાવા તરીકે સેલ્સટેક્ષ/ટીન નંબર/પાન નંબરની ઝેરોક્ષ નકલ ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે.**

**૨ ટેન્ડર ભરનાર સંસ્થાનું અંતિમ બાર માસમાં સરકારી, અર્ધ સરકારી, સહકારી અથવા માન્ય સંસ્થાઓ સાથે રૂપિયા એક લાખ અથવા તેથી વધુ રકમનું ફકત કોમ્પ્યુટર કાર્ટીઝ સપ્લાય/રીફીલીંગ/મેન્ટેન્સ ટર્ન ઓવર/કામ કરેલ હોવુ જોઇએ. આ અંગે માન્ય પુરાવા તરીકે દા.ત. વર્ક ઓર્ડરની નકલ, કાચુ સરવૈયુ, ઈન્કમ ટેક્ષ રીટર્ન વિગેરે ટેન્ડર સાથે રજુ કરવાનું રહેશે. ટેન્ડરમાં માંગવામાં આવેલ તમામ વિગતો/માહિતી, જરૂરી આધાર, પુરાવા, ઝેરોક્ષ નકલો તેમજ ઇ.એમ.ડી. ટેન્ડર સાથે જ બીડવામાં (રજૂ કરવામાં) આવેલ નહીં હોય તો આવુ ટેન્ડર રદ કરવાને પાત્ર થશે.**

**૩ જો પેઢી પ્રોપરાઈટરશીપની હોય તો માલિકનું નામ અને જો ભાગીદારી પેઢી હોય તો તમામ ભાગીદારોના નામ અને જો પેઢી લીમીટેડ કંપનીની હોય તો તેમના મેનેજીંગ ડીરેકટરનું નામ, સરનામા, ફોન નંબરની વિગત સાથે આપવી. તેમજ લીમીટેડ કંપનીના કિસ્સામાં કચેરી સાથે કરાર કરવાની સત્તા ધરાવતા ઈસમને જરૂરી અધિકારપત્ર કંપની તરફથી ઇસ્યુ થયેલો હોવો જોઇશે. તેની નકલ આ સાથે આપવાની રહેશે. વિશેષમાં કચેરી સાથેના ડીલીંગમાં જે આસામી સતત સંપર્કમાં રહી શકે તેના નામ/સરનામા/ફોન નંબરની વિગતો આપવાની રહેશે.**

**૪ જો ભાવ ભરનાર પેઢી કે આસામી રાજકોટ શહેર બહારના હશે તો તેઓની ઓફિસ રાજકોટ શહેરમાં હોવી જરૂરી છે. અન્યથા સ્થાનિક પ્રતિનિધિ હોવો જોઇશે. જેથી કરીને કોઇ વખત ટુંકી મુદ્દતમાં માલ જોઇતો હોય તો સત્વરે મળી શકે. ઉપરાંત ઓર્ડર લેવા વિગેરે કામગીરીમાં બિનજરૂરી સમય પસાર ન થાય.**

**૫ ભાવ એફ.ઓ.આર. રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની કચેરી અથવા કચેરીની સૂચના મુજબનાં સ્થળ/શાખામાં ડીલીવરી સહિત લાગુ પડતા તમામ વેરાઓ વિગેરે સાથેનાંજ આપવાના છે.**

**૬ આ કોન્ટ્રાકટ એક વર્ષ માટે છે એટલે કે કોન્ટ્રાકટનાં એગ્રીમેન્ટ થયાની તારીખથી એક વર્ષ સુધીનાં સમય માટે વર્ક ઓર્ડર આપી શકશે. તેમજ આ વર્ક ઓર્ડરની મુદ્દત પુરી થાય ત્યાં સુધી કોન્ટ્રાકટનો અમલ કરવાનો રહેશે. એટલે કે કોન્ટ્રાકટના છેલ્લા દિવસે કોઇ કામ માટે વર્ક ઓર્ડર આપવામાં આવે અને તે કામની સમય મર્યાદા મુજબ તે વર્ક ઓર્ડર પુરતુ કામ કાજ આજ કોન્ટ્રાકટની શરતો/ભાવથી કરી આપવાનું રહેશે.**

**૭ આ કામે અર્નેસ્ટમની રકમ રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા) ડી.ડી. અથવા એફ.ડી.આર. થી ટેન્ડર સાથે રજુ કરવાની રહેશે. સદરહું ભરેલ રકમ ટેન્ડરના નિરાકરણ બાદ**

**પરત આપવામાં આવશે. અર્નેસ્ટમની ડિપોઝીટ વગરનાં ટેન્ડરો ખોલતી વખતે રદ કરવામાં આવશે.**

**૮ ઓછા ભાવનું કે હરકોઇ ટેન્ડર સ્વીકારવુ કે નહિં તેમજ ઓછો વધતો માલ ખરીદવાનો હકક સત્તામંડળ અબાધિત રાખે છે. અને આ અંગે કશા કારણો આપવામાં આવશે નહીં.**

**૯ સરકારશ્રીમાં ચાલતા ટેન્ડર અંગેના ધોરણો મુજબ તથા વર્તમાનકાળે અમલમાં હોય તેવા નિયમો, પેટાનિયમોની જોગવાઈઓને આધિન રહી આ ટેન્ડર ભરવામાં આવેલ છે તેમ સમજવાનું છે.**

**૧૦ આ સાથેના ટેન્ડર ફોર્મ ઉપર જ ભાવ આપવાના છે. ટેન્ડર ફોર્મની જગ્યા ઓછી અગર અગવડરૂપ થાય તો ફકત ટેન્ડરની રીત મુજબ જ અલગ લેટર હેડ ફોર્મ ઉપર ભાવ ભરી શકાશે. ટેન્ડર ફોર્મમાં કરેલ સહી સિકકા આ જનરલ શરતોને આધીન રહીને કરેલ છે તેમ સમજવાનું છે.**

**૧૧ આખુ ટેન્ડર એકી વખત સારા અક્ષરથી ભરવાનું છે. ડાઘા ડુઘીવાળુ કે છેકછાક વાળુ કે જુદી - જુદી રીતે ભરેલા ટેન્ડર રદ થવા પાત્ર ગણાશે. ભાવોમાં કોઇ છેક છાક થઇ હશે તો આંકડા કે શબ્દોને ઘુંટયા સિવાય તેના ઉપર છેકો મારી ઉપરના ભાગે લખી શકાશે અને તેના ઉપર ટુંકી સહી કરવાની રહેશે.**

**૧૨ ટેન્ડરની કોઇ શરત કે આઇટમનાં વર્ણન કે સ્પેશીફીકેશનમાં ફેરફાર કરવા દેવામાં આવશે નહીં અને કોઈપણ સપ્લાયરે આવા ફેરફાર કરેલુ ટેન્ડર રજુ કર્યુ હશે તો તે સ્વીકારવામાં આવશે નહીં.**

**૧૩ કરારની તારીખથી વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબની કોમ્પ્યુટર કાર્ટીઝ પુરી પાડવાના કામે / રીફીલીંગના કામે તમામ ટેકસ સાથેના ભાવ અત્રેથી આપવામાં આવેલ પત્રકમાં ભરી બંધ કવરમાં નિયત તારીખ સુધીમાં ફકત રજીસ્ટર્ડ પોસ્ટ મારફત પહોંચતા કરવાના રહેશે.**

**૧૪ આ કામે ભાવ મંજુરીના ખબર મળ્યે દિવસ-૭ (સાત)માં રૂ. ૨૫,૦૦૦.૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)સિકયોરીટી ડીપોઝીટની રકમની નેશનલાઇઝડ/ શેડયુલ્ડ બેંકની ફીકસ ડીપોઝીટ રસીદ કઢાવી, ધોરણસર સ્ટેમ્પ પેપર ઉપર સત્તામંડળની તરફેણમાં કરારનામુ કરી આપવાનું રહેશે. એગ્રીમેન્ટ માટે જેટલી કિંમતનાં સ્ટેમ્પ પેપર ખરીદવાના થાય તે સપ્લાયરે રજુ કરવાના રહેશે. સપ્લાયરે એગ્રીમેન્ટ કચેરીએ આપેલા નમુના મુજબ ટાઈપ કરાવવી રજુ કરવાનું રહેશે.**

**૧૫ જે કવોલીટીના ભાવ માંગવામાં આવે તે જ કવોલીટીના ભાવ આપવાના રહેશે. તે સિવાય અન્ય રીતે ભાવ ભરેલ હશે તે ગ્રાહય રાખવામાં આવશે નહીં. નમુનો માંગવામાં આવે તો તે આપવાનો રહેશે. આવેલ ભાવ મુજબ વર્ષ દરમ્યાન જરૂરીયાત મુજબની કોમ્પ્યુટર કાર્ટીઝ વધુ કે ઓછા પ્રમાણમાં ઓર્ડર મુજબ માલ આપવાનો રહેશે.**

**૧૬ જયારે જયારે કામનો ઓર્ડર આપવામાં આવે ત્યારે કામનાં પ્રમાણમાં મુદ્દત આપવામાં આવશે. જરૂર જણાયે અત્યંત ટુંકી મુદ્દતમાં કામ કરી આપવાનું રહેશે. વર્ક ઓર્ડરમાં જણાવેલ મુદ્દતમાં સદરહું માલ કચેરીમાં પહોંચતો કરી આપવાનો રહેશે. તેમાં કસુર થયે દરરોજનાં બીલની રકમના અડધા ટકા પ્રમાણે પેનલ્ટી વસુલ લેવામાં આવશે. તેમજ મુદ્દત વિત્યા બાદ ઓર્ડર**

મુજબનો માલ કામ રાખનારના ખર્ચે અને જોખમે અન્ય પાસેથી ખરીદ કરી શકાશે. તેમ કરતા જે કંઇ નુકશાની જશે તે સત્તામંડળ કામ રાખનાર પાસેથી વસુલ કરી શકશે. કચેરી જરૂર જણાયે મૌખિક વર્ક ઓર્ડર પણ આપી શકશે જે મુજબ વેપારીએ માલ સપ્લાય કરવાનો રહેશે.

૧૭ પાર્ટીએ માલ સપ્લાય કરતી વખતે ચલણ ફરજીયાત પણે આપવાનું છે.

૧૮ જે બ્રાન્ડ/કંપનીની કોમ્પ્યુટર કાર્ટીઝનો ઓર્ડર આપવામાં આવે તે બ્રાન્ડ/કંપનીની કોમ્પ્યુટર કાર્ટ્રીઝ પુરી પાડવાની રહેશે.

૧૯ ટેન્ડર ભરનારે શરતો બરાબર વાંચી સમજીને ભાવ ભરવાનો છે. અને શરતોના પત્રમાં દરેક પાને સહી સિકકો કરી આપવાનો છે. જો કરાર કરવામાં નહીં આવે તો ભરેલ અર્નેસ્ટમનીની રકમ જપ્ત કરવામાં આવશે. શરતો બાબતે મુખ્ય કારોબારી અધિકારીશ્રીનો નિર્ણય આખરી અને ભાવ ભરનારે બંધનકર્તા રહેશે. વિવાદ ફકત રાજકોટ જયુરીસડીકશનમાં ચાલી શકાશે.

૨૦ મુદ્દતની ગણત્રી કરતી વખતે ઓર્ડર આપ્યાની તારીખથી માલ આપ્યાની તારીખની ગણત્રી કરવામાં આવશે. તેમજ આપવામાં આવેલ વર્ક ઓર્ડરની મુદ્દતમાં વધારો થઇ શકશે નહીં વર્ક ઓર્ડર રદ કરવા સંબંધે સત્તામંડળનો અધિકાર રહેશે.

૨૧ આ વાર્ષીક રેઇટ કોન્ટ્રકટનું ટેન્ડર છે. આથી વર્ષ દરમ્યાન કોઇપણ પ્રકારનો ભાવ વધારો માંગી શકાશે નહીં કે આપવાનો રહેશે નહીં.

૨૨ જેમાં વિક્રેતાનું નામ, વર્ક ઓર્ડર નંબર, તારીખ, તથા કુલ જથ્થો દર્શાવવાનો રહેશે. જો મૌખિક સૂચનાથી તાત્કાલિક કોમ્પ્યુટર કાર્ટીઝ મોકલવા કહ્યુ હોય તો વર્ક ઓર્ડર નંબરની સામે "મૌખિક હુકમ" તેવુ દર્શાવવાનું રહેશે. તેમજ બાકીની વિગત યથાવત રીતે ઉપરની સૂચના મુજબ કોમ્પ્યુટર કાર્ટીઝ મોકલવાની રહેશે.

૨૩ ધોરણસર બીલ પાસ થયે બીલની રકમ ચૂકવવામાં આવશે.

૨૪ સિકયોરીટી ડિપોઝીટની રકમ ટેન્ડરનો સમયગાળો પૂર્ણ થયા બાદ ૯૦ દિવસ પછી પરત મળી શકશે.

૨૫ શરતી ભાવપત્ર / ટેન્ડર કે ટેન્ડરમાં જણાવેલ રીતથી બીજી રીતે ભરેલ ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં.

૨૬ આવેલ ભાવો બાબતે જો વાટાઘાટ કરવામાં આવશે તો નીચે સહી કરનાર સાથે કરેલ વાટાઘાટ મુજબના ભાવો ભાવ ભરનારને બંધનકર્તા રહેશે. અને મંજુર થયેલ ભાવથી ઓછા કે વધુ સંખ્યામાં ઓર્ડર આપવામાં આવે તે રીતે વર્ષ દરમ્યાન કાર્ટ્રીઝ પુરી પાડવાની રહેશે.

૨૭. નીમાયેલ એજન્સીએ GSTને લગત તમામ નિયમોને આધીન રહી કામગીરી કરવાની રહેશે.

રવાના કર્યુ

સહી

| | |
|---|---|
| વહીવટી અધિકારી | મુખ્ય કારોબારી અધિકારી |
| રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ | રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ |
| રાજકોટ | રાજકોટ |

**ઉપરોકત શરતો સમજૂતીઓ અમોએ વાંચેલ છે જે અમોને કબુલ મંજુર છે. તે બદલ નીચે સહી કરી આપેલ છે.**

**સ્થળ :**

**તારીખ : - -૨૦૨૦**

-------------------------------------

ભાવ આપનારની સહી તથા સિકકો